કોસ્ટગાર્ડ, સેના, પોલીસ સહિતના જવાનો જોડાયા:

બેટ દ્વારકામાં જલ થલ રક્ષા અંતર્ગત યોજવામાં આવ્યો યુદ્ધ અંગેનો અભ્યાસ

જામનગર તા.૧૮ : બેટ દ્વારકાના દરિયામાં જલ થલ રક્ષા-૨૦૨૫ અંતર્ગત યુદ્ધ અંગે અભ્યાસ કરવામાં આવ્યો હતો. જેમાં મરીન પોલીસ તથા કોસ્ટગાર્ડની સાથે લશ્કરી જવાનો અને અન્ય વિભાગો પણ જોડાયા હતા. ગુજરાતના પશ્ચિમી દરિયા કાંઠાની સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂતી બક્ષવા બેટ દ્વારકામાં જલ થલ રક્ષા-૨૦૨૫ નામથી યુદ્ધ અભ્યાસ યોજવામાં આવ્યો હતો. તે ક્વાયતમાં જામનગર સ્થિત ઈનફન્ટ્રી બ્રિગેડ, અમદાવાદના ઈનફન્ટ્રી ડિવિઝન તથા કોસ્ટગાર્ડ અને મરીન પોલીસના જવાનો તેમાં જોડાયા હતા.રૂ દેવભૂમિ દ્વારકા જિલ્લાનું વહીવટીતંત્ર, ગુજરાત મેરી ટાઈમ બોર્ડ, એનએસજી, મત્સ્ય વિભાગ, કસ્ટમ અને વન વિભાગના અધિકારીઓ પણ સાથે રહ્યા હતા. દરિયાથી ઘેરાયેલા દ્વારકા વિસ્તારને કોઈપણ આતંકવાદી પ્રવૃત્તિ કે દુશ્મન દેશના હુમલા સામે અસરકારક પ્રત્યુત્તર પાઠવવા સૈન્ય દળો સજ્જ છે તેમ આ અભ્યાસમાં ચકાસાયું હતું.

॥ રોકાણકારોની શ્રધ્ધા અટૂટ અને વિશ્વાસનું પ્રતિક ॥

ઈન્વેસ્ટમેન્ટ પ્રોફાઈટ

Stock Market Trading Consultancy

www.nikhilbhatt.in

નિખિલ ભટ્ટ
Research Analyst - SEBI
+91 99793 80808

નિફ્ટી ફ્યુચર ૨૩૩૦૩ પોઈન્ટ ઉપર તેજી યથાવત રહેશે..!!

સ્થાનિક / વૈશ્વિક પરિબળોની વાત કરીએ તો.... અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીની મુલાકાત બાદ ટેરિફ મુદ્દે કોઈ રાહતના સંકેતો ના જણાતા તેમજ રશિયાએ યુકેનના ન્યુક્લિયર પ્લાન્ટમાં ડ્રોન વડે હુમલો કરતાં જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ વધતા આજે સપ્તાહના બીજા દિવસે ભારતીય શેરબજારની શરૂઆત ઘટાડા સાથે થઈ હતી.

વૈશ્વિક શેરબજારની વાત કરીએ તો ગઈકાલે અમેરિકન માર્કેટમાં ડાઉ જોન્સ ૦.૦૭%ના વધારા સાથે બંધ રહ્યો હતો. જ્યારે એસ & પી ૫૦૦ ૦.૦૪% અને નેસ્ડેક ૦.૪૬% વધીને સેટલ થયા હતા. બીએસઈ પર મીડકેપ ઈન્ડેક્સ ૦.૧૦% અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૦.૧૨% વધીને ટ્રેડ થઈ રહ્યા હતા. વિવિધ સેક્ટરલ ઈન્ડાયસીસની વાત કરીએ તો બીએસઈ પર રિયલ્ટી, ટેલેકોમ્યુનિકેશન, ટેક, ફોકસ્ડ આઈટી, હેલ્થકેર, આઈટી, એફએમસીજી અને બેન્કેક્સ શેરોમાં લેવાલી જોવા મળી હતી, જ્યારે અન્ય બીજા તમામ સેક્ટરલ ઈન્ડાયસીસ ઘટાડા સાથે કારોબાર કરી રહ્યા હતા.

બીએસઈમાં સવારે ૧૦ કલાકે કુલ ટ્રેડીંગ થયેલી ૨૭૦૦ સ્ક્રિપોમાંથી ઘટનારની સંખ્યા ૧૧૮૮ અને વધનારની સંખ્યા ૧૩૭૧ રહી હતી, ૧૪૧ શેરના ભાવમાં કોઈ ફેરબદલ જોવાયો ન હતો. જ્યારે ૧૦૭ શેરોમાં ઓનલી સેલરની મંદીની નીચલી સર્કિટ સામે ૫૦ શેરોમાં ઓનલી બાયરની તેજીની ઉપલી સર્કિટ રહી હતી.

બજારની ભાવિ દિશા.... મિત્રો, જ્યાં સુધી વર્તમાન સ્થિતિને સંબંધ છે, ત્યાં સુધી એવું જણાય રહ્યું છે કે આર્થિક વિકાસ દર ઘટી રહ્યો છે, કારણકે વિકાસનાં મુખ્ય પરિબળો - જેમકે ઉપભોગ, પબ્લિક ઈન્વેસ્ટમેન્ટ તથા પ્રાઈવેટ ઈન્વેસ્ટમેન્ટ ઘટી રહ્યા છે. ભારતીય અર્થતંત્ર ૬ થી ૭%ના વિકાસદર વચ્ચે રહ્યું, તેમ છતાં વિશ્વમાં ભારત ઝડપથી વિકસતું અર્થતંત્ર છે. આ સત્ય છે, કારણકે અન્ય મોટા અર્થતંત્રો ધીમા દરે વિકસી રહ્યા છે. અમેરિકા ૨.૭૦%ના દરે, જ્યારે ચીન ૪.૯૦%ના દરે વિકસી રહ્યું છે.

જોકે આપણે તે ભૂલી જઈએ છીએ કે ૨૦૨૪માં અમેરિકાએ તેના જીડીપીમાં ૭૮૭ અબજ ડોલર અને ચીને ૮૯૫ અબજ ડોલરનો ઉમેરો કર્યો હતો. જ્યારે ભારતે તેના જીડીપીમાં ૨૫૬ અબજ ડોલરનો ઉમેરો કર્યો છે. ભારત તથા ચીન વચ્ચેનું અંતર વધી ગયું છે. આમ ભારતે જો ચીન તથા અમેરિકાની બરોબરી કરવી હશે તો તેને ઝડપથી વિકસવું પડશે. ઉપભોગ મંદ રહેવા પાછળનાં કારણોમાં જોઈએ તો ઊંચો ફુગાવો ખાસ કરીને ખાદ્ય પદાર્થોના ઊંચા ભાવ તેમજ નીચા અને લગભગ સ્થિર વેતનસ્તર જવાબદાર છે.

એમસીએક્સ ગોલ્ડ : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે એપ્રિલ ગોલ્ડ રૂ.૮૫૨૦૦ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૮૫૪૬૩ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૮૫૨૦૦ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૩૨૯ પોઈન્ટના વધારા સાથે રૂ.૮૫૩૮૪ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

એમસીએક્સ સિલ્વર : ઈન્ટ્રા ડે ટ્રેડીંગની શરૂઆતે માર્ચ સિલ્વર રૂ.૯૫૭૪૧ પોઈન્ટના મથાળેથી ખુલીને રૂ.૯૫૯૭૭ પોઈન્ટના ઊંચા મથાળેથી ઘટાડો નોંધાવી રૂ.૯૫૭૪૦ પોઈન્ટના નીચા મથાળે નોંધાવી ૨૯૦ પોઈન્ટના વધારા સાથે ૯૫૮૭૦ આસપાસ ટ્રેન્ડ નોંધાયેલ..!!

હવે જોઈએ ભારતીય શેરબજારની આગામી ટ્રેડીંગ સંદર્ભે સ્ટોક સ્પેશીફીક અંદાજીત રુખ

એચડીએફસી બેન્ક (૧૭૨૪) : એચડીએફસી ગ્રુપની અગ્રણી આ કંપનીના શેરનો ભાવ હાલમાં રૂ.૧૭૦૭ આસપાસ પ્રવર્તી રહ્યો છે. રૂ.૧૬૮૬ ના સ્ટોપલોસથી આ સ્ટોક ટૂંકા સમયગાળે રૂ.૧૭૪૪ થી રૂ.૧૭૫૩ નો ભાવ નોંધાવે તેવી શક્યતા છે...!! રૂ.૧૭૬૦ ઉપર તેજી તરફી ધ્યાન...!!

એચસીએલ ટેકનોલોજીસ (૧૭૧૧) : ટેકનીકલ ચાર્ટ મુજબ રૂ.૧૬૮૦ આસપાસ પોઝીટીવ બ્રેકઆઉટ!! રૂ.૧૬૭૩ ના સપોર્ટથી આ સ્ટોક રૂ.૧૭૩૩ થી રૂ.૧૭૪૦ ભાવ નોંધાવે તેવી સંભાવના છે...!!

સિપ્લા લિ. (૧૪૭૭) : રૂ.૧૪૪૪ નો પ્રથમ તેમજ રૂ.૧૪૨૪ બીજા સપોર્ટથી ફાર્મા સેક્ટરનો રોકાણલક્ષી આ સ્ટોક રૂ.૧૪૯૪ થી રૂ.૧૫૦૮ સુધીની તેજી તરફી રુખ નોંધાવશે...!!

આઈસીઆઈસીઆઈ બેન્ક (૧૨૫૫) : પ્રાઈવેટ બેન્ક સેક્ટરનો આ સ્ટોક ટૂંકા ગાળે ટ્રેડીંગલક્ષી રૂ.૧૨૭૪ થી રૂ.૧૨૮૦ ના ભાવની સંભાવના ધરાવે છે!! અંદાજીત રૂ.૧૨૦૭ નો સ્ટોપલોસ ધ્યાને લેવો...!!!

ઓરબિન્દો ફાર્મા (૧૧૭૦) : રૂ.૦૧ ની ફેસવેલ્યુ ધરાવતા ફન્ડામેન્ટલ સ્ટ્રોંગ આ સ્ટોક રૂ.૧૧૩૦ સ્ટોપલોસ આસપાસ ફાર્મા સેક્ટરનો આ સ્ટોકમાં તેજી તરફી રૂ.૧૧૮૮ થી રૂ.૧૨૦૮ આસપાસ ભાવ દર્શાવે તેવી સંભાવના છે...!!!

લેખક સેબી રજીસ્ટર્ડ રિસર્ચ એનાલીસ્ટ અને ઈન્વેસ્ટમેન્ટ પોઈન્ટના પ્રોપરાઈટર છે.

ખાસ નોંધ: ડિસ્ક્લેમર/પોલિસી/શરતો www.nikhilbhatt.in ને આધીન

ખંભાળિયા: સમસ્યાઓનું શહેર!

ખંભાળિયા ન.પા.ને સ્પર્શતા અનેક પ્રશ્નોની હારમાળા રજૂ કરતા પૂર્વ કારોબારી ચેરમેન

ખંભાળિયા તા. ૧૮: ખંભાળિયા શહેરમાં વિવિધ પ્રશ્નોના ઉકેલ માટે પૂર્વ પાલિકા કારોબારી ચેરમેન હિનાબેન આચાર્ય દ્વારા પાલિકા ચીફ ઓફિસર તથા પ્રમુખને રજૂઆત કરવામાં આવી છે.

ખંભાળિયા પાલિકાની એમ્બ્યુલન્સોમાં એક પણમાં ઓક્સિજન સિલિન્ડરની વ્યવસ્થા નથી. અગાઉ ત્રણમાં હતી. હાલ એક પણમાં ના હોય, ઈમરજન્સીમાં અન્ય સ્થળે જવા જરૂરત પડતી હોય તાકીદે ઓક્સિજન સિલિન્ડર વ્યવસ્થા કરવી.

પાલિકા વિસ્તારમાં ગામમાં દાખલ થતા રેલવે ફાટક પાસેથી રેલવે સ્ટેશન સુધી જ્યાં રેલવે રસ્તો નથી બનાવતું ત્યાં નવા બનાવવા અથવા રીપેરીંગ કરવા પાલિકાને ફાળવાયેલી રસ્તા રીપેરીંગની ગ્રાન્ટમાંથી તાકીદે કામો કરવા, પાલિકા બગીચામાં નવા સાધનો માટે ધારાસભ્યની ગ્રાન્ટમાંથી સાધનો વસાવવા, પાલિકાના તમામ વોર્ડમાં જ્યાં લાંબા સમયથી રસ્તાઓ બન્યા નથી ત્યાં નવા રસ્તાઓ બનાવવા તુરત આયોજન કરવું, પાલિકા વિસ્તારમાં ફાયર સ્ટેશન મંજુર થઈ ગયું હોય, ખાતમુહૂર્ત કરીને ચાલુ કામ કરવું, પાલિકાનું જોધપુર ગેઈટ પાસેનું દવાખાનાનું નવું બનાવાયેલું બિલ્ડીંગ ધૂળ ખાતું લાંબા સમયથી હોય, આરોગ્ય વિભાગ સાથે સંકલન કરી ત્યાં આરોગ્ય સુવિધા કરવી, શહેરમાં લાખોના ખર્ચે બનેલ ફૂટપાથો પર દબાણો હટાવી લોકોને ચાલવા માટે સુવિધાઓ પૂરી પાડવા રજૂઆત કરી છે.

રાજકીય નેતાઓ, પાલિકાના સત્તાધીશો તથા અતિ જાગૃત નાગરિકો /સંસ્થાઓની માત્ર પ્રસિદ્ધિ ભૂખ... સમસ્યાઓ વર્ષોથી યથાવત્

કરોડોનું ફાયર સ્ટેશન મંજુર પણ હજી ખાતમુહૂર્તની રાહ જુવે છે: પાલિકાના દવાખાનનું નવું બનાવેલ બિલ્ડીંગ લાંબા સમયથી ધૂળ ખાતું પડ્યું છે

સ્પે. ખેલ મહાકુંભ અંતર્ગત ૩૫ ખેલાડીએ ભાગ લીધો:

જામનગરના અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્રમાં દિવ્યાંગ ખેલાડીઓ માટે જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધા

જામનગર તા. ૧૮: ગુજરાત રાજ્ય સરકારના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ હેઠળની સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજીત અને જિલ્લા રમતગમત અધિકારી, જામનગર ગ્રામ્ય દ્વારા સંચાલીત દિવ્યાંગ ખેલાડીઓ માટે સ્પે. ખેલ મહાકુંભ ૩.૦ ૨૦૨૪-૨૫ અંતર્ગત જિલ્લાકક્ષાની તમામ વયજુથ માટેની અંધજન કેટેગરીની ચેસ સ્પર્ધા અંધજન વિવિધલક્ષી તાલીમ કેન્દ્ર જામનગરમાં યોજવામાં આવી હતી. જિલ્લા રમતગમત અધિકારી-જામનગર ગ્રામ્ય અને નેશનલ એસોસિએશન ફોર ધી બ્લાઈન્ડ-જામનગર શાખા દ્વારા આ આયોજન કરવામાં આવ્યું હતું.

આ સ્પર્ધામાં કુલ ૩૫ ખેલાડીઓએ ભાગ લીધો હતો. જેમાં દરેક વયજુથ અને કેટેગરીમાં વિજેતા થયેલા દિવ્યાંગ ખેલાડીઓ સ્પે. ખેલ મહાકુંભ ૩.૦ ૨૦૨૪-૨૫ ની રાજ્યકક્ષાએ અંધજન કેટેગરીની સ્પર્ધામાં ભાગ લેશે અને પ્રથમ દ્વિતીય અને તૃતીય ક્રમે વિજેતા ટીમને ઈનામ રૂપી રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

'મેરા યુવા ભારત' દ્વારા સુભાષચંદ્ર બોઝ જયંતી નિમિત્તે

જામનગરમાં રોડ સેફ્ટી જાગૃતિ માર્ગદર્શન કાર્યક્રમ

જામનગર તા. ૧૮: ભારત સરકારના યુવા કાર્ય અને ખેલ મંત્રાલય હેઠળ કાર્યરત મેરા યુવા ભારત જામનગર દ્વારા રોડ સેફ્ટી જાગૃતિ કાર્યક્રમ યોજી સુભાષ ચંદ્ર બોઝની જન્મ જયંતી ઉજવાઈ હતી. કાર્યક્રમની શરૂઆતમાં માય ભારતના રાષ્ટ્રીય સ્વયંસેવક વર્ષા પરમાર દ્વારા નેતાજી સુભાષચંદ્ર બોઝના જીવન વૃતાંત પર પોતાનું વક્તવ્ય રજૂ કરાયું હતું. ત્યારબાદ જામનગરના આર.ટી.ઓ. કે.કે. ઉપાધ્યાય દ્વારા રોડ સેફ્ટી અને જાગરૂકતા કાર્યક્રમ અંતર્ગત યુવાનોને માર્ગદર્શન આપ્યુ હતું. આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર પૃથ્વીએ જો કોઈ વ્યક્તિ રોડ સેફ્ટીનું ઉલ્લંઘન કરે તો કેટલી ભારે નુકશાની ઉઠાવવી પડે છે તે વિશે ઉપસ્થિત યુવાનોને જાણકારી આપેલ ત્યારબાદ ટ્રાફિક પોલીસ સબ ઈન્સ્પેક્ટર મહેન્દ્રસિંહ ઝાલાએ ટ્રાફિક પોલીસ સાથે રહીને કઈ રીતે નિયમોનું પાલન કરવું તેમજ સડક પર ચાલતા મુસાફરોમાં કઈ રીતે જાગરૂકતા ફેલાવી શકાય એ બાબતની સૌને માહિતી માય ભારતના સ્વયંસેવકોને ઓરિએન્ટેશન તાલીમ આપી હતી.

કાર્યક્રમમાં રોડ સેફ્ટી અંગે પોસ્ટર લોન્ચ કરવામાં આવેલ તથા સૌએ રોડ સેફ્ટી અંગેના શપથ લીધા હતા. માય ભારતના સ્વયંસેવકો વિવિધ સ્થળોએ ટ્રાફિક પોલીસ સાથે રહી નાગરીકો રોડ સેફ્ટીનું પાલન કરે તે માટે જાગરૂકતા ફેલાવવા અંગેની કામગીરી કરશે તેમ મેરા યુવા ભારત જામનગરના જિલ્લા યુવા અધિકારી શિખર રસ્તોગી દ્વારા જણાવવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં આર.ટી.ઓ. કે.કે.ઉપાધ્યાય, ટ્રાફિક પી.એસ.આઈ. મહેન્દ્રસિંહ ઝાલા, પી.એસ.આઈ ચોવટિયા, મહિલા કોલેજના ટ્રાફિક એજ્યુકેશન ઓફિસર ધર્મેશ ખાનપરા, એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર પ્રોફેસર નજમા અંસારી, મહિલા અને બાળ વિકાસ કચેરીના સોનલબેન વર્ણાગર સહીત બહોળી સંખ્યામાં યુવાઓ ઉપસ્થિત રહ્યા હતા.

નેત્ર નિદાન કેમ્પ

જામનગર તા. ૧૮: રંગુનવાલા સાર્વજનિક ટ્રસ્ટ, જિલ્લા અંધત્વ નિયંત્રણ સોસાયટી-જામનગર તથા રણછોડદાસ બાપુ આશ્રમ-રાજકોટના સંયુકત ઉપક્રમે નિઃશુલ્ક નેત્ર નિદાન કેમ્પ તા. ૨૦-૨ ના સવારે ૯ વાગ્યે રંગુનવાલા હોસ્પિટલ, કાલાવડના નાકા પાસે, જામનગરમાં રાખવામાં આવ્યો છે. મોતિયાના ઓપરેશન માટે દર્દીઓને રણછોડદાસ બાપુ આંખની હોસ્પિટલ- રાજકોટ, મોકલવામાં આવશે. જ્યાં દર્દીઓને આવવા-જવા, રહેવા-જમવાની વ્યવસ્થા, દવા-ટીપાં-ચશ્મા નિઃશુલ્ક આપવામાં આવશે.

એક જ દિવસમાં રૂા.૨૮ લાખ ઉપરાંતના ટેક્સની વસૂલાત:

આરટીઓ દ્વારા ટેક્સ વસૂલવા માટે ડ્રાઈવ

જામનગરની આરટીઓ કચેરી દ્વારા ટેક્સ ડિફોલ્ટર મેગા એન્ફોર્સમેન્ટ ડ્રાઈવનું આયોજન કરાયું હતું. આરટીઓ કેતન ઉપાધ્યાયના વડપણ હેઠળની ટીમે જુદા જુદા ધોરીમાર્ગ પર જે વાહનના ટેક્સ ભરવાના બાકી હોય તેવા વાહનોની ચકાસણી કરી ૪૫ હજાર વાહનચાલકો પાસેથી સ્થળ પર જ રૂા.૨૮,૩૩,૧૩૯ની વસૂલાત કરી હતી.

સ્વામી લીલાશાહ વાડીમાં ઈ-કેવાયસી કેમ્પ

સ્વામી લીલાશાહ વાડીમાં પરમીટ સાને આધાર કાર્ડને લિંક કરવા માટે ઈ-કેવાયસી કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. લાડી લોહાણા સિંધી પંચાયત-જામનગરના પ્રમુખ પ્રકાશભાઈ હકાણી તેમજ જનરલ સેક્રેટરી ચેતનભાઈ મુલચંદાણીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કેમ્પનો લાભ અનેક લોકોએ લીધો હતો. આ કેમ્પમાં પ્રકાશભાઈ તુલસાણી, કિશનભાઈ ગંગવાણી, પંકજ ગંગવાણીએ ઈ-કેવાયસીની કામગીરી કરી હતી. આ કેમ્પને સફળ બનાવવા પ્રમુખ પ્રકાશભાઈ હકાણી, ચેતનભાઈ મુલચંદાણી, રાજેશભાઈ રામાણી, શંકરલાલ કારીયા, ગાવરદાસ તુલસાણી, હરીભાઈ ચંદન, શ્યામલાલ આપલાણી, નરેશભાઈ મેઘવાણી, હરેશભાઈ ગ્યાનચંદાણી, મહિલા મંડળના પ્રમુખ કમલાબેન કારીયા તેમજ કારોબારીના સભ્યોએ જહેમત ઉઠાવી હતી.

અર્ક કાયમ આનંદમાં રહેવા માટે સુવિધાઓ નહીં સમજણની જરૂર છે.

શબ્દવ્યૂહ ૭૦૯૨



આડી ચાવી

૨. ધ્યેય, મકસદ --------(૨
૪. ખામી કે ત્રુટિરહિત----(૨
૫. થાકેલું, કંટાળેલું -----(૩
૬. કંટાળાજનક સંજોગોમાં રાહ જોતા થતી હેરાનગતિ ---------(૨
૭. ગમવું તે, રુચિ ------(૨
૮. વેરો, જકાત --------(૨
૧૦. જેના પાંદડાનું પીણું બને છે તેવો એક પ્રકારનો છોડ -(૧
૧૧. ઈચ્છા, એષણા -------(૩
૧૨. ખૂબ તેજ મારતું હોય તેમ (૪
૧૩. શરીરાવસ્થાનો અંત, મૃત્યુ(૨
૧૪. બગીચો, ઉદ્યાન ------(૨
૧૫. મરનારની મિલકતનો હક્કદાર----------(૩
૧૭. પ્રહાર, શારીરિક ઈજા--(૧
૧૮. મહિલા, નારી, ભામા --(૧
૨૨. શ્વાસોશ્વાસ માટેનો અવયવ ----------(૨
૨૩. ઔષધિ તરીકે વપરાતું મુળિયું ----------(૨

ઊભી ચાવી

૧. સર્વત્ર રહેલું કે થતું, સર્વવ્યાપી ----------(૪
૨. નવાઈ, આશ્ચર્ય -------(૩
૩. ઈસ્લામનો મુખ્ય ધર્મગ્રંથ (૩
૭. ગધેડાના જેવું તોફાની-ઉપદ્રવી વર્તન --------(૪
૯. ખેલ, ક્રીડા ---------(૩
૧૨. સતત ભારે વરસાદ પડવો તે ----------(૨
૧૩. અમુક માછલીના કોટલામાંથી મળી આવતી મૂલ્યવાન વસ્તુ -------(૨
૧૪. ગંધ, બૂ, બદબો ------(૨
૧૬. મર્મ, છુપી વાત-------(૩
૧૯. કલમનો લખવા માટેનો અલગ અણીદાર ભાગ -(૨
૨૦. કોઈપણ વસ્તુનો ઝીણો છેડો ----------(૨
૨૧. લશ્કર, સેના, સૈન્ય ---(૨

આડી ચાવી (૧) દરોડો (૩) દીઠ (૬) વિહાર (૮) તર્જની (૧૦) ખાદી (૧૨) દોરો (૧૫) લેશ (૧૬) ફાગ (૧૮) ખોઈ (૧૯) હેતાળ (૨૦) સ્વેદ (૨૧) પ્રશ્ન

ઊભી ચાવી ઉકેલ કોયડા નં. ૭૦૯૧ (૨) મહા (૪) ઠક્કે (૫) મોત (૬) વિદ્વાન (૭) રખાત (૯) નીર (૧૧) દેશભાઈ (૧૨) દોસ્ત (૧૩) રંગતાળી (૧૪) લગ્નવિચ્છેદ (૧૭) મમતા

આપની આવતીકાલ

જ્યોતિષી: ઋષિ ભટ્ટકભાઈ શાસ્ત્રી, મો. ૮૮૯૮૯ ૬૦૮૮૭

મેષ (૨૪-૩-૧૯) — શુભ રંગ: લીલો — શુભ અંક: ૧-૮
આપની બુદ્ધિ-અનુભવ-આવડત-મહેનતથી આપના કામનો ઉકેલ લાવી શકો. વાણીની મીઠાશથી સરળતા રહે.

વૃષભ (૨૫-૪-૧૯) — શુભ રંગ: લાઈન — શુભ અંક: ૬-૨
આપના કાર્યની સાથે જાહેર ક્ષેત્રના કામમાં, સંસ્થાકીય કામમાં આપે વ્યસ્ત રહેવાનું બને. અન્યનો સરકાર મળે.

મિથુન (૨૬-૫-૧૯) — શુભ રંગ: લ્હેદ — શુભ અંક: ૪-૩
આપના કાર્યની સાથે જાહેરક્ષેત્ર, સંસ્થાકીય કામમાં આપે વ્યસ્ત રહેવાનું બને. અન્યનો સહકાર મળી રહે.

કર્ક (૨૭-૬-૧૯) — શુભ રંગ: પીળો — શુભ અંક: ૩-૯
આપે તન-મન-ધન, વાહનથી સંભાળીને શાંતિથી દિવસ પસાર કરી લેવો. વ્યવહારિક કામ અંગે ચિંતા રહે.

સિંહ (૨૮-૭-૧૯) — શુભ રંગ: મોરપીંછ — શુભ અંક: ૫-૮
નોકરી-ધંધાના કામ અંગે બહાર કે બહારગામ જવાનું બને. સહકાર્યકર, નોકર-ચાકરવર્ગનો સહકાર મળે.

કન્યા (૨૯-૮-૧૯) — શુભ રંગ: મેંદી — શુભ અંક: ૧-૬
દિવસના પ્રારંભથી જ કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવાનું બને. મિત્રવર્ગનો સહકાર મળી રહેતા રાહત જણાય.

તુલા (૨૩-૯) — શુભ રંગ: કેસરી — શુભ અંક: ૫-૭
સીઝનલ ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જવાથી લાભ-ફાયદો જણાય. સંતાનના પક્ષનો ઉકેલથી રાહત રહે.

વૃશ્ચિક (૨૪-૧૦) — શુભ રંગ: ક્રીમ — શુભ અંક: ૬-૯
આપને કામમાં કોઈને કોઈ રૂકાવટ-મુશ્કેલી આવ્યા કરે. હરિફવર્ગ આપની મુશ્કેલીમાં વધારો કરે.

ધન (૨૫-૧૧-૧૯) — શુભ રંગ: મરૂન — શુભ અંક: ૨-૫
આપની ગણતરી-ધારણા પ્રમાણેનું કામ થવાથી આનંદ અનુભવો. મહત્વના નિર્ણય લેવાના હોય તો લઈ શકાય.

મકર (૨૬-૧૧-૧૯) — શુભ રંગ: વ્હાઈટ — શુભ અંક: ૧-૪
આપના કામમાં સાનુકૂળતા મળી રહે. ધંધામાં આકસ્મિક ઘરાકી આવી જવાથી આનંદ રહે. કામનો ઉકેલ આવે.

કુંભ (૨૭-૧૧-૧૯) — શુભ રંગ: ગુલાબી — શુભ અંક: ૩-૮
આપના કાર્યની સાથે આડોશ-પાડોશના કામકાજ અંગે વ્યસ્તતા જણાય. કાર્યની સાથે સંયુક્ત ધંધામાં સહકાર મળી રહે.

મીન (૨૮-૧૧-૧૯) — શુભ રંગ: ગ્રેય — શુભ અંક: ૨-૪
આપ ફરો-ફરો, કામકાજ કરો, પરંતુ આપના હૃદય-મનને શાંતિ જણાય નહીં. જમીન-મકાનમાં ઉતાવળ કરવી નહીં

આવતીકાલનું પંચાંગ

સૂર્યોદય : ૭-૧૪ સૂર્યાસ્ત : ૬-૪૬

દિવસના ચોઘડીયા
(૧) લાભ (૨) અમૃત (૩) કાળ (૪) શુભ (૫) રોગ (૬) ઉદ્વેગ (૭) ચલ (૮) લાભ

રાત્રિના ચોઘડીયા
(૧) ઉદ્વેગ (૨) શુભ (૩) અમૃત (૪) ચલ (૫) રોગ (૬) કાળ (૭) લાભ (૮) ઉદ્વેગ

વિક્રમ સંવત: ૨૦૮૧, મહા વદ-૬ : તા. ૧૯-૦૨-૨૦૨૫, બુધવાર, જૈન સંવત: ૨૫૫૧, શાલિવાહન: ૧૯૪૬, હુ.ગાબ્દ : ૪૧૨૬, પારસી રોજ : ૬, મુસ્લિમ રોજ: ૨૦, નક્ષત્ર: સ્વાતિ, યોગ: વૃદ્ધિ, કરણ: વિષ્ટિ

જન્મેલાનું વર્ષફળ

તા. ૧૯ - ફેબ્રુઆરીના દિવસે

આ સમયમાં આરોગ્યની બાબતમાં કાળજી રાખવી પડે. ઋતુગત બિમારીઓથી સાવધાની વર્તવી પડે. ખાન-પાન ઉપર નિયંત્રણ રાખવું. નોકરી-ધંધામાં આપના કાર્યની કદર થવા પામે. આપના કામનો ઉકેલ આવતો જાય. ઘર-પરિવારના સભ્યોનો સાથ-સહકાર પ્રાપ્ત થતા રાહત જણાય. નાણાકીય આયોજન સંભાળપૂર્વક કરવું.

જાહકની રાશિ: તુલા ૭૭.૪૮ સુધી પછી વૃશ્ચિક